ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં હવે એપ્રિલથી શૈક્ષણિક સત્ર આરંભાશે

**રાજ્ય સરકારે સીબીએસઈ પેટર્ન પર મહત્વનો નિર્ણય લીધો : વેકેશનમાં કોઈ ફેરફાર નહિ થાય**



ગાંધીનગર, તા. ૪

ગુજરાત સરકારે પણ સીબીએસઈની જેમજ પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નવુ શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી જ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

સરકારે લીધેલ નિર્ણય મુજબ ૨૦૨૦-૨૧નું નવુ શૈક્ષણિક વર્ષ ૨૦ એપ્રિલ ૨૦૨૦થી શરૂ થશે અને ઉનાળુ વેકેશન ૪ થી મે થી ૭મી જૂન ૨૦૨૦ સુધીનું યથાવત રહેશે.

શિક્ષણ વિભાગે કરેલા નિર્ણય મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ અને ત્યાર પછીના શૈક્ષણિક વર્ષોથી નવુ શૈક્ષણિક સત્ર એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ કરવાનું રહેશે અને ઉનાળુ વેકેશન મે માસના પ્રથમ સપ્તાહથી શરૂ કરી જુન માસના પ્રથમ સપ્તાહના અંત સુધી અર્થાત નિર્ધારિત કરવામાં આવેલ પાંચ સપ્તાહનું યથાવત રહેશે. આ બાબતોને ધ્યાને રાખી અત્યારથી જ આવતા શૈક્ષણિક વર્ષની વર્ષાંત પરીક્ષા અને તે સંલગ્ન તમામ કામગીરી માર્ચ માસમાં પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલાક સમયથી શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રથમ સત્ર તેમજ દ્વિતીય સત્રના દિવસોની સંખ્યામાં વધઘટ જોવા મળેલ છે. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ (આરટીઈ-૨૦૦૯)ની જોગવાઈઓને અનુલક્ષીને ધોરણ ૧ થી ૫ માં ૨૦૦ દિવસ અને ધોરણ-૬ તી ૮ માં ૨૨૦ દિવસોથી ઓછા ન હોય તેટલા દિવસોના શૈક્ષણિક કાર્યની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ (ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન, ૧૯૭૪)ની જોગવાઈઓને અનુલક્ષીને ધોરણ ૯ થી ૧૨ માટે શૈક્ષણિક વર્ષમાં ૨૪૦ થી ઓછા ન હોય તેટલા દિવસોના શૈક્ષણિક કાર્યની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉક્ત જોગવાઈઓને અનુરૂપ રહીને શૈક્ષણિક વર્ષના બંને સત્રના કાર્ય દિવસો એકંદરે સમાન રહે તેમજ પ્રત્યેક ધોરણની અધ્યયન નિષ્પત્તિઓ સુનિશ્ચિત કરવા માટે જોગવાઈ મુજબના દિવસો મળી રહે તે હેતુથી રાજ્યની પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ, શૈક્ષણિક કાર્યના દિવસો અને વેકેશનનો સમય નિયત કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

હાલ માર્ચ માસના અંતમાં અથવા એપ્રિલના પ્રથમ સપ્તાહમાં વર્ષાંત પરીક્ષા પૂર્ણ થયા પછી મે મહિનાના પ્રથમ સપ્તાહમાં ઉનાળુ વેગકેશન ચાલુ થતાં સુધી મહિના જેટલો સમય શાળા ચાલુ રહે છે. પણ વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા પછી અસરકારક શૈક્ષણિક કામ સામાન્ય રીતે થતું ન હોવાનું ધ્યાને આવેલ છે. સીબીએસઈ સાથે સંલગ્ન શાળાઓમાં આ સમયનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી એપ્રિલ મહિનામાં જ નવું શૈક્ષણિક વર્ષ શરૂ કરવામાં આવે છે અને અંદાજે ચાર અઠવાડિયા

● અનુસંધાન પાન-૭ પર

# ઠંડીનો પારો પુનઃ ગગડ્યો

**લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી : ઠંડીનુ પ્રમાણ એકાએક વધ્યુ જન આરોગ્ય પર વિશેષ અસર : રાત્રિના સમયે સન્નાટો : આગામી પાંચ દિવસ ઠંડીનો પારો ૧૧ થી ૧૩ ડીગ્રી વચ્ચે રહેશે : પ્રતિકલાક ૧૦ થી ૧૭ કીમી ની ઝડપે પવન ફૂંકાશે જેના લીધે ઠંડીનુ જોર વધુ અનુભવાશે**

ગાંધીનગર તા ૪

ઠંડીની મોસમનો ફરી એકવાર મિજાજ બદલાયો છે. બે દિવસ ઠંડીનુ જોર હળવુ થઈ ગયુ હતુ. લઘુત્તમ તાપમાન પણ ૧૩ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ જેના લીધે નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. પરંતુ આજે અચાનક જ મોસમનો મિજાજ બદલાયો હતો. ઠંડીનો પારો ૩.૨ ડીગ્રી નીચે ગગડતા લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ કાતિલ ઠંડી અનુભવી હતી. જો કે બપોરના સમયે ગરમીના અહેસાસ વચ્ચે ડબલ સિઝનનો અહેસાસ પણ થયો હતો. જયારે દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી તેમજ મોસમ વિભાગે હવામાન અંગે સંયુકત રીતે જણાંવેલા પુર્વાનુમાન મુજબ આગામી તા ૯ ફેબ્રુઆરી સુધી લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૩ ડીગ્રી રહેશે. જો કે પવનની ગતિ વધતા ઠંડીનુ જોર વધુ અનુભવાશે.

શહેરમાં આ વર્ષે ઠંડીની મોસમ વિચિત્ર અને આકરી પુરવાર થઈ છે. ઠંડીના પારાની સતત ચઢ ઉતર વચ્ચે મોસમનો મિજાજ ગમે ત્યારે બદલાય છે ગત દિવસોમાં ઠંડીનુ જોર વધ્યુ હતુ. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેતા નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. ગત સપ્તાહ દરમિયાન પણ આકરી ઠંડીના લીધે લગ્નસરાની મોસમ પણ વિશેષ પ્રભાવિત રહી હતી. જયારે બે દિવસ ઠંડીનુ જોર ઘટતા લઘુત્તમ તાપમાન પણ ૧૩ ડીગ્રીએ

● અનુસંધાન પાન-૭ પર



# આર ટી ઓ સંકુલમાં એજન્ટોને બેસવા નહીં દેવા કડક સુચના

**આજે આર ટી ઓ સંકુલમાં પાર્કીંગની જગ્યા પણ ખુલ્લી જોવા મળી : હજુ ગ માર્ગ પર વાહન પાર્કીંગ તેમજ દબાણની સમસ્યા યથાવત**

ગાંધીનગર તા ૪

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં આજે અનોખો માહોલ જોવા મળ્યો હતો. લર્નિંગ લાયસન્સની કામગીરી આર ટી ઓ કક્ષાએ બંધ કરી દેવાયા બાદ હાલ આર ટી ઓ કેચરીમાં ભીડભાડ ઓછી જોવા મળે છે. જયારે એજન્ટોને પણ આર ટી ઓના સંકુલમાં ટેબલો મુકીને નહીં બેસવા સુચના આપી દેવામાં આવી છે જેના લીધે આજે આર ટી ઓ કચેરીના પાર્કીંગમાં પણ ખુલ્લી જગ્યા જોવા મળી હતી.

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી દુવિધાઓથી ઘેરાયેલી છે. આર ટી ઓ કચેરીમાં પ્રવેશતા જ દુવિધાઓનો સામનો કરવો પડે છે. આર ટી ઓ કચેરીના સંકુલમાં પાર્કીંગ માટે પણ પર્યાપ્ત જગ્યા રહેતી નથી જેના લીધે મુલાકાતીઓ પોતાના વાહનો પણ ગ માર્ગ પર પાર્ક કરીને અંદર જાય છે. ગ માર્ગ પર આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાય છે. જયારે આર ટી ઓ કચેરી કક્ષાએથી પાર્કીંગ માટે નવી જગ્યા મેળવવા અનેકવાર અગાઉ રજુઆત પણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ મામલે કાંઈ થયુ નથી બીજીતરફ આર ટી ઓ કચેરીમાં ટેબલો મુકીને બેસતા એજન્ટોને પણ દુર થઈ જવા માટે આજે સુચના આપી દેવામાં આવી છે. આર ટી ઓમાં એજન્ટ પ્રથા નાબુદ કરવા માટે અગાઉ પણ કડક સુચના અન્વયે પગલા લેવાયા હતા જયારે આર ટી ઓ કચેરીમાં પ્રવેશ મામલે પણ યોગ્યતા જળવાઈ રહે તે માટે અગાઉ સિક્યુરીટીનો પહેરો પણ મુકી દેવાયો હતો જયારે આર ટી ઓ સંકુલમાં આજે ઘણી ખુલ્લી જગ્યા જોવા મળી હતી. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર કચેરીના સંકુલમાં ટેબલો મુકીને બેસતા એજન્ટોને અંદર નહી બેસવા દેવા પણ સુચના આપી દેવામાં આવી છે. જયારે લર્નિંગ લાયસન્સની કાર્યવાહી આઈ ટી આઈ કચેરી કક્ષાએથી થતી હોવાથી આમ પણ આર ટી ઓ કચેરીમાં ભીડ ઓછી જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ડોનાલ્ડ ટ્રમ્પની સૂચિત મુલાકાતને પગલે જિલ્લાતંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સૂચિત મુલાકાતને લઈ આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે એક ખાસ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ૧૫ થી ૨૨ ફેબ્રુઆરી દરમ્યાન મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહેલ આંતરરાષ્ટ્રીય પરિષદ વન વિભાગ અને યુનોના સહયોગથી યોજાઈ રહી છે તેને લઈ પણ ચર્ચાઓ થઈ હતી. ડોનાલ્ડ ટ્રમ્પનો કાર્યક્રમ અમદાવાદ ખાતે ''કેમ છો'' યોજાવાનો છે એટલે અમદાવાદ જિલ્લા સાથે ગાંધીનગર જિલ્લો પણ ખભેખભા મિલાવી આ કાર્યક્રમના આયોજનમાં સહભાગી થશે.

# સે-૬ થી ૮માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ

**સેકટરોમાં ૨૫ કી મીના રસ્તાઓ ચકાચક બનશે : સ્થાનિક રહીશોની માંગણી સંતોષોશે**



ગાંધીનગર, તા. ૪

શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. છેલ્લા ૬ મહીનાથી સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ગોથે ચઢયુ હતુ. આ કામગીરી અન્વયે ખર્ચની રકમને પણ મંજુરી આપી દેવાયા બાદ એક વર્ષથી રસ્તા સુધારણાનુ કામ અધ્ધરતાલ હતુ. પરંતુ હવે સેકટરોના આંતરિક માર્ગોને ચકાચક બનાવવા માટે કામ શરૂ કરી દેવાયુ છે.

શહેરના સેકટરોમાં આંતરિક રસ્તાઓની હાલત છેલ્લા ઘણાં સમયથી ખરાબ છે. સોસાયટીના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. સેકટરોના આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ કરવા માટે છેલ્લા એક વર્ષથી આયોજન કરાયુ છે. પરંતુ લાંબા સમયના અંતે પણ કામગીરી શરૂ ન કરાતા માર્ગ સુધારણાની કામગીરી સામે અનેક સવાલો મંડરાયા હતા. નવા સેકટરોમાં સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. પરંતુ સરકારી પ્લાન્ટમાંથી જિલ્લાના રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા હોવાથી સેકટરોના માર્ગોનુ કામ થઈ શક્યુ ન હતુ. શહેરમાં ગત વાઈબ્રન્ટ બાદ માર્ગ સુધારણાની કામગીરી થઈ નથી. જયારે નવા સેકટરો પૈકી સે- ૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ મંજુર કામ હાથ ધરવા માટે પણ ૬ મહીના અગાઉ આયોજન કરાયુ હતુ. પરંતુ એક યા બીજા કારણોસર માર્ગ સુધારણાનુ કામ હાથ ન ધરાતા સેકટરવાસીઓમાં પણ રોષ પ્રવર્તયો હતો. જેના અંતે તંત્ર દ્વારા અમદાવાદના પ્લાન્ટમાંથી રસ્તાના કામો હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ જે અન્વયે નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે આ ત્રણેય સેકટરોમાં અંદાજિત ૨૫ કી મીના રોડ નેટવર્કનુ કામ હાથ ધરાશે. હાલ સે-૮ માં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરાયુ છે.

# શહેરમાં વન આરક્ષિત જગ્યા દબાણોની ગિરફતમાં : નવા દબાણો પણ વધ્યા

**વનતંત્ર દબાણ દુર કરવા માટે અસરકારક પગલા લે તેવી પ્રબળ માંગણી**

ગાંધીનગર તા ૪

શહેરમાં નજર નાંખો ત્યાં દબાણની સમસ્યા યથાવત છે. પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો જોવા મળી રહ્યો છે. જેના લીધે સર્વિસ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે વન આરક્ષિત જગ્યામાં પણ દબાણોનો સિલસિલો યથાવત છે. રહેણાંક વિસ્તારને અડીને પણ લાઈનબધ્ધ ઝુંપડાઓ જોવા મળી રહ્યા છે. જયારે મુખ્યમાર્ગો આસપાસની જાડીમાં પણ ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણો હજુ યથાવત છે. એસ ટી ડેપો પાછળના વન આરક્ષિત વિસ્તારમાં પણ નવા દબાણો અસ્તિત્વમાં આવી રહ્યા છે.



શહેરના વન આરક્ષિત વિસ્તારમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશનુ સુરસુરીયુ થઈ ગયુ છે. વનતંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાંથી દબાણો દુર કરવા ગત સપ્તાહ દરમિયાન ઝુંબેશ હાથ ધરી હતી. પરંતુ બે દિવસના અંતે જ આ ઝુંબેશ આટોપી લેવામાં આવી હતી નગરના મુખ્યમાર્ગોની આસપાસ તેમજ સેકટરોના રીંગ રોડ અને ઉભા રસ્તાઓ પર ઠેર ઠેર ઝુંપડાના દબાણો અસ્તિત્વમાં આવ્યા છે. રહેણાંક વિસ્તાર નજીક પણ આ પ્રકારના દબાણો હોવાના લીધે રહીશો ત્રાહીમાંમ છે. આવા સંજોગોમાં ઝુંપડાના દબાણોની સાથે વન આરક્ષિત જગ્યામાં છીંડા કરીને કોર્મશિયલ દબાણો પણ વધી રહ્યા છે. ઘ-૪ સ્વર્ણિમ પાર્ક નજીક સ્થિત પાસેના જાડી વિસ્તારમાં પણ લારી ગલ્લાના દબાણો હજુ યથાવત છે. જયારે શહેરના મોટાભાગના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં નજર નાંખો ત્યાં દબાણો જોવા મળી જાય છે. વનતંત્ર દ્વારા આ પ્રકારના દબાણો દુર કરવા માટે ગત સપ્તાહ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# બાયો મેડિકલ વેસ્ટના યોગ્ય નિકાલ માટે ૭૦ તબીબોને તંત્રની તાકીદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં બાયો મેડિકલ વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરતા ૭૦ જેટલા તબીબોને જિલ્લા આરોગ્યતંત્રએ કડક તાકીદ કરી છે.

જિલ્લામાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશ પછી પર્યાવરણ અંગેના એકશન પ્લાનમાં બાયો મેડીકલ વેસ્ટના મુદ્દે પણ વિસ્તારથી ચર્ચાઓ થઈ હતી. આ પછી હરકતમાં આવેલા તંત્રએ ૭૦ જેટલા તબીબોને બાયો મેડિકલ વેસ્ટના યોગ્ય નિકાલ માટે તાકીદ કરી યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યુ છે.

જિલ્લામાં હાલ ઘણા બધા ખાનગી દવાખાનાઓ દ્વારા બાયો મેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ નહિ થતો હોવાની ફરિયાદ પણ ઉઠી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાને પણ બાયોમેડિકલ વેસ્ટના મુદ્દે યોગ્ય નિકાલની વ્યવસ્થા માટે તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



૧૭ સીટ અને ૨૦ સીટ
ટેમ્પો ટ્રાવેલર ભાડે મળશે
Contact : 9427616601



## બેસણું



રમેશચંદ્ર ભગવાનજીભાઈ માંડલિયા (નિવૃત ચીફ રીપોર્ટર-વિધાનસભા)નું તા.૦૪/૨/૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૬/૨/૨૦૨૦ને ગુરૂવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી રાખેલ છે.

સ્થળ - પ્લોટ નં.૧૧, ઉર્જાનગર-૨, સ્વામિનારાયણધામની પાછળ, કુડાસણ, ગાંધીનગર

લિ. મંજુલાબેન રમેશચંદ્ર માંડલિયા
જીગ્નેશ રમેશચંદ્ર માંડલિયા-પુત્ર (ટોરેન્ટ પાવર)
વૈશાલી જીગ્નેશ માંડલિયા-પુત્રવધુ
જાગૃતિ ભાવેશકુમાર સોની-પુત્રી
ભાવેશકુમાર સોની-જમાઈ
રિષભ અને શુભમ્-પૌત્ર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com